
# મોર્નિંગ મંત્રા

(૩)

આજે સવારે મેં બે આંટીઝને દોડતાં જોયાં. ના, જોગિંગ નહીં. રીતસર દોડી રહેલાં. એમની ઉંમર હશે લગભગ ૫૦થી ૫૫ વર્ષની આસપાસ. એમને ફાસ્ટ રનિંગ કરતાં જોઈને આસપાસથી પસાર થઈ રહેલાં દરેક વાહનચાલકની ગતિ બે ઘડી એમને જોવા ધીમી પડતી હતી.

પહેલાંના સમયમાં ઘણાં વર્ષો સુધી લોકો એવું માનતા રહ્યા કે, ચાર મિનિટમાં એક માઈલ જેટલું દોડી ન જ શકાય. સાયન્ટીસ્ટ્સ અને ડોક્ટર્સનું કહેવું હતું કે, હ્યુમન બોડી માટે ચાર મિનિટમાં એક




માઈલ દોડવું અશક્ય છે. અશક્ય! ડોક્ટર્સ કહેતાં કે એક માઈલનું અંતર કાપવા માટે લગાવેલી દોડમાં કોઈ પણ હ્યુમન.બીઈંગ પોણા ચાર મિનિટમાં કૉલેપ્સ થઈ જ જાય.

પરંતુ ૬ મે, ૧૯૫૪ના દિવસે એક માણસે આ રેકોર્ડ તોડ્યો. રોજર બેનીસ્ટર એનું નામ. રોજરે ચાર મિનિટમાં એક માઈલ દોડીને આખી દુનિયાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધી. જે કામને બધા જ અસંભવ માનતા હતા એ તેણે કરી બતાવ્યું. એક માઈલની દોડ તેણે ૩ મિનિટ અને ૫૯ સેકન્ડમાં પૂરી કરી. ઘડિયાળ પ્રમાણે ૩ : ૫૯.૪ એક્ઝેક્ટ રેકોર્ડ રહ્યો. પાછળથી રોજર બેનીસ્ટરે ન્યુરોલૉજિસ્ટ તરીકેની ડિગ્રી મેળવી ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી અને ૧૯૭૫માં એમને ક્વિન એલિઝાબેથના હસ્તે નાઈટહૂડ પદ મળ્યું. (૧૯૫૨ના ઓલિમ્પિક્સમાં ૧૫૦૦ મીટર દોડના ગોલ્ડ મેડલની આશા આખા બ્રિટનને રોજર પાસેથી હતી પણ રોજરનો ચોથો ક્રમાંક આવ્યો. એ પછી બે મહિના સુધી રિંગ છોડી દેવા અંગેમનોમંથન કર્યું અને છેવટે પોતાની ટૅલેન્ટ પ્રવ કરવા માટે વન માઈલ ઈન ફોરમિનિટ્સવાળો ઈમ્પોસિબલ લક્ષ્યાંક બનાવ્યો.)

આ ઘટનાના બરાબર બે મહિના પછી એક ઓસ્ટ્રેલિયન જોહન લેન્ડીએ આ દોડ ફિનલેન્ડમાં ૩ મિનિટ ૫૮ સેકન્ડમાં પૂરી કરી.

લેન્ડી અને રોજર - આ બંને કટ્ટર પ્રતિસ્પર્ધીઓ વચ્ચે કૅનેડાના વેનકુંવરમાં એક રેસ યોજાઈ. જેમાં રોજરે ૫૮.૮ સેકન્ડના રેકોર્ડ સાથે ૦.૮ સેકન્ડ્સથી રેસ જીતી લીધી. એ રેસ પત્યા પછી બંને જણા એ એક ક્ષણને સૌથી મહત્ત્વની મોમેન્ટ ગણાવી હતી કે રોજરે લેન્ડીથી આગળ જવાની શરૂઆત કરી. એ સમયે લેન્ડીએ પોતાના ડાબા ખભા તરફ નજર કરી અને રોજરની ગતિનો ક્યાસ કાઢવાનો પ્રયત્ન કર્યો. રોજર જમણી તરફથી સડસડાટ નીકળી ગયો. આ મૉમેન્ટને એક બ્રોન્ઝની પ્રતિમા રૂપે એ જ જગ્યા એ પ્રસ્થાપિત કરવામાં આવેલી જ્યાં આ રેસ યોજાઈ હતી.

રેસ જીતવી હોય તો માત્ર પોતાની દોડ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એના પછીનાં વર્ષોમાં ૧૯૬૯૭ સુધીમાં ૧૬ જણા એવા હતા કે જેમણે ૪ મિનિટમાં આ દોડ પૂરી કરી હોય અને હવે ૨૦૧૫માં અનેક લોકો આવું કરી ચૂક્યા છે. ૭મી જુલાઈ, ૧૯૯૯નો એક રેકોર્ડ છે ૩ મિનિટ અને ૪૩ સેકન્ડનો. હવે મુદ્દો એ છે કે, આપણી પર્સનલ લાઈફમાં ‘‘જ મિનિટમાં ૧ માઈલ પૂરી કરવાવાળી દોડ‘ કઈ છે? કઈ એવી વસ્તુ છે જે આપણને અશક્ય લાગે છે?

ઘણા લોકો તમને એમ કહેતા હશે કે, ‘‘‘‘તારાથી તો આ ન જ થઈ શકે.’’

એમની વાતો સાંભળીને તમને પણ એવો વિશ્વાસ થઈ ગયો હશે કે; હા, આ તો મારાથી ના જ થાય. બની શકે કે આવી જ રીતે તમે કોઈ લક્ષ્ય અધવચ્ચે જ છોડી દીધું હોય. કોઈ બુક જે તમે લખવા માંગતા હતા, કોઈ સેલ્સ ટાર્ગેટ જે તમે એચિવ કરવા માંગતા હતા, કોઈ બીઝનેસ એચિવમેન્ટ કે પછી કોઈ એવી સ્કીલ જે તમે ડેવલપ કરવા માંગતા હતા.

તમારી લાઈફની આ ચાર મિનિટ વાળી દોડ કઈ છે? કદાચ હશે ઈમ્પોસિબલ પણ એને પોસિબલ બનાવી શકાય. યુ કેન બ્રેક યોર ઓન રેકોર્સ.

●●●

**જે તમને ચેલેન્જ કરી શકે એ જ તમને ચેઇન્જ કરી શકે.**

સાભાર : આર જે ધ્વનિત

# પરાજય પણ ગરિમાપૂર્વક સ્વીકારવો જોઈએ

તંત્રીસ્થાનેથી...

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ ને વધુ વામણા સાબિત થઈ રહ્યા છે. નજર સામે હાર દેખાઈ રહી હોવા છતાં ઘાંઘા થઈને વખત પૂરતી એને દૂર ઠેલવા પ્રયાસ કરી રહ્યા છે. પ્રજામત વિરુદ્ધમાં છે પરંતુ જો કોઈ કાયદાની ઓથ મળી જતી હોય ને વ્હાઈટ હાઉસમાં થોડા સમય વધુ રોકાઈ શકાતું હોય તો એ કોઈ પણ ઉપાય કરવા તૈયાર છે. એમને મતગણતરી રોકાવી દઈને જીતી જવું છે પણ અમેરિકાની પ્રજા ને ત્યાંની લોકશાહી એટલી પોકળ નથી. અદાલતો એમની ગાંડીઘેલી અરજીઓ સ્વીકારવા નવરી નથી. ઘણા વખત પહેલાં લોકમત એમની વિરુદ્ધ જવા લાગ્યો હતો. લોકો સમજી ગયા હતા કે એક ખોટો માણસ વ્હાઈટ હાઉસમાં પેસી ગયો છે. એ વખતે એણે માનવીની મૂળ નબળી નસ દબાવી હતી - રાષ્ટ્રવાદની આલબેલ પોકારી હતી. ગોરી બહુમતીને એની ઓસરતી જતી ઈમેજ અંકે કરવા હાકલ કરી હતી. પેલા કાળિયા ચઢી બેઠા, જુઓ લ્યાં! આમ ને આમ ઘોરતા રહેશો તો કયાંકના નહીં રહો... એવી એવી ચેતવણી આપીને અને અમેરિકાની પ્રજાની કમાણી ગરીબગોલા દેશોને ખેરાત કરવામાં કા તો એમના ખાતર બીજાઓ સામે લડી મરવામાં વપરાતી રહી છે અને અમેરિકન યુવાન બેકાર ફરે છે - દુનિયાભરની અલાબલા અહીં ખડકાતી રહે છે અને આપણા મુલકમાં આવી આપણી માલિક બની ગઈ છે... આવી આવી હાડસોંસરવી અપીલો કરીને ટ્રમ્પ ગઈ વખતે હિલેરી ક્લિન્ટન જેવાં લાયક પ્રતિસ્પર્ધીને હરાવી શક્યા હતા. ભારતમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના બૅનર હેઠલ અમુક સમુદાયોને હડધૂત કરી બહુમતિ હિંદુ સમુદાયમાં રાજ સ્થાપવાના પ્રયાસો જેવું જ આ અમેરિકન કારસ્તાન હતું જે લાંબું ના ચાલી શક્યું કારણ કે એ અમેરિકા હતું! નિર્ણાયક આંકડાથી બહુ જ દૂર પછડાઈ ગયેલા ટ્રમ્પને અલબત્ત, ફલોરીડા ફળ્યું પણ રિપબ્લિકન પાર્ટીના ગઢ જેવાં રાજયોમાં કારમી પીછેહઠ કરવી પડી છે. એનો અર્થ એ નથી કે પ્રજામત રિપબ્લિકનનોની વિરુદ્ધમાં છે. પ્રજામત એક નેતાની વિરુદ્ધ થઈ ગયો છે. ઈંદિરા ગાંધીએ કટોકટી લાદી એ પછી દેશની પ્રજા કોંગ્રેસની વિરુદ્ધ નહોતી થઈ ગઈ, એ તો ઈંદિરાને બોધપાઠ ભણાવવા માગતી હતી એટલે એણે પરસ્પર વિરોધી વિચારધારા ધરાવતા નેતાઓની ભજનમંડળીને વખત પૂરતી ગાદી પર બેસાડી દીધેલી. અહીં પણ ટ્રમ્પનાં ગાંડાઘેલાં નિવેદનો, સમજણ વગરના નિર્ણયો અને બફાટથી અમેરિકાની છાપ એટલી હદે ખરડાઈ ચૂકી હતી કે સરેરાશ અમેરિકન નાગરિક ભોંઠપ અનુભવતો હતો. મોનિકા લેવિન્સ્કી પાછળ પેન્ટ ઉતારી દેનારા ડેમોક્રેટ રાષ્ટ્રપતિને એ બીજી વાર ચૂંટી શકે, કારણ કે અ ગમે તેય તોય એના અંગત જીવનની ઘટના હતી અને હિલેરીએ ક્લિન્ટનને માફ કરી દીધા હતા. પરંતુ ટ્રમ્પનાં બણગાં અને બફાટથી સરેરાશ એમરિકન શરમ જ અનુભવતો રહ્યો છે. છેલ્લે ચાઈનીઝ કોરોના મુદ્દે તો એમણે હદ કરી દીધી હતી. પહેલાં તો એને કોઈ ગંભીર બિમારી માનવાનો જ ઈન્કાર કરી દીધો હતો અને અને પછી ચીન પર દોષનો ટોપલો ઢોળવા લાગ્યા. યુનાઈટેડ નેશન્સ સાથેના કે પેરિસ સમજૂતિના સંદર્ભો ટ્રમ્પની સંકુચિત, એકાંગી રાજનીતિનાં દ્દષ્ટાંતો છે. બાઈડન આવતાંવેંત બદ્દુ બદલી નાખવાની વાત કરીને અડધો જંગ તો ઉમેદવારી કરતાંની સાથે જીતી ગયા હતા. ટ્રમ્પ જેવા બોઘા હોટલ ડેવલપરને અમેરિકાને સુકાન સોંપીને જે ઐતિહાસિક ભૂલ કરી હતી તે સુધારી લેવાની તક અમેરિકન નાગરિકો ચૂક્યા નથી. બાઈડનને એમની પોતાની ઈમેજ કરતાં ટ્રમ્પની ખરડાયેલી ઈમેજ વધુ ફળી છે અને એટલે જ એ અત્યાર લગીના તમામ પુરુષો કરતાં વધારે વોટ મેળવીને રાષ્ટ્રપ્રમુખ બનવા જઈ રહ્યા છે. સાચો નેતા એને કહેવાય જેને જીતની જેમ હાર પર પચાવતાં આવડે. ટ્રમ્પ પાસે એવી અપેક્ષા રાખવી એ જ આપણી ભૂલ ગણાશે!

# ચાલો, આપણે જીવતાં જગતિયું કરીએ !

કોઈએ પૂછ્યું કે,આ જીવતાં જગતિયું એટલે શું ? જવાબમાં કહ્યું, માણસ મૃત્યુ પામે અને પછીથી બારમું, પ્રેતભોજન ઉપરાંત શ્રાદ્ધ,વરસી વાળવી...વગેરે ધાર્મિક અને સામાજિક ક્રિયાકાંડ કરવામાં આવે છે. તે માણસ જીવતો હોય અને તેની હાજરીમાં જ, એડવાન્સ બારમું કરી દેવામાં આવે ! વરસો પહેલા અમુક સુખી-સંપન્ન અને આબરૂદાર માણસ પોતાની પ્રતિષ્ઠા ખાતર આવું જીવતાં જગતિયું કરાવતા હતા.

આ ઉપર્યુક્ત પરંપરા કે રીત-રિવાજ સાથે જરાય સમંતિ નથી.આવા સામાજિક દુષણો દૂર થવા જોઈએ.પણ અહીં સંદર્ભ જુદો છે.માણસના મૃત્યુ પછી તેના વખાણ,પ્રશંસા કે વિધિ-વિધાન કરવામાં આવે છે.પણ માણસ હયાત હોય ત્યારે આવું કેમ નથી થતું ?વોટ્સએપમાં એક વિચાર ફરતો હતો,માણસ બહુ સારો હતો...આવું કહેરાવવા માટે માણસે મરવું પડતું હોય છે.એક બેસણામાં જવાનું થયું, ત્યાં મૃતક વ્યક્તિની જાણી-અજાણી પાર વગરની પ્રશંસા સાંભળવા મળી.થયું કે,આ વ્યક્તિને જીવતાં આવું સાંભળવા મળ્યું હોતતો કદાચ આયુષ્યમાં ઉમેરો થાત ! કારણ કે પ્રશંસા પ્રભુને પણ વહાલી છે. આ જગતમાં કોઈ સર્વગુણ-સંપન્ન નથી.સારું-નબળું બધું હોવાનું.કોઈ વિશે ખાનગીમાં ખરાબ બોલવું સહેલું છે પણ જાહેરમાં બે સારા શબ્દો કહેવા અઘરા છે.કયારેક અવળું જોવા મળે,મોં પર ભરપૂર વખાણ કરે અને પાછળથી ટીકા કરવામાં કસર ન છોડે ! ડુએટ સીમકાર્ડ જેવા માણસો, સેલફોન એક અને કવરેજ માટેના ટાવર અલગ, અલગ..!

પણ અહીં જે મુદ્દો છેડવાનું ખાસ પ્રયોજન...કસબી, કલાકાર કે સાહિત્યકારને જીવતાજીવ અથવા તો તેઓની શારીરિક સક્ષમતા હોયતે દરમ્યાન જે માન-અકરામ, પુરસ્કાર...મળવા જોઈએ તેનું છે.હા,આવા પુરસ્કારમાં પૂરતા પ્રમાણમાં ધનરાશી પણ હોવી જોઈએ. આજકાલ ઓનલાઈન ‘પ્રમાણપત્રો’ આપવાની મોસમ ઉઘડી છે ! માત્ર પ્રમાણ વગરના પત્રોથી પેટ ભરાતું નથી.ઘણાં કલા-કસબીઓ બદલાતા સમયની સાથે પારાવાર આર્થિક મુશ્કેલી ભોગવે છે.જેના લીધે અમુક અણમોલ કલાઓ પણ લુપ્ત થવા લાગી છે. કલા-કસબીને સમયસર ધનરાશી મળેતો તેનો ઉચિત ઉપયોગ કરી શકે.મૃત્યુની શૈયા પર સૂતેલા કોઈ સર્જકને સન્માનિત કરવામાં આવેતો તેમના માટે એનું મૂલ્ય કેટલું હશે તે પ્રભુ જાણે ! આવા માન-અકરામ કે અલગથી આપવામાં આવતા એવોર્ડનો મૂળ ઉદેશ્ય કલા-કલાકારને પ્રોત્સાહિત કરવાનો હોય છે.સર્જક-કલાકાર ભલે જીવનભર સર્જન કરતા રહે પણ દરેક કૃતિ ઉત્તમ નિપજે,



આરપાર
રાઘવજી માધડ

નિવડે એવું બનતું નથી. કોઈ એકાદ-બે કૃતિ થકી તેઓ ખ્યાતિપ્રાપ્ત થતા હોય છે. સર્જક કે કલા-કસબી વયોવૃદ્ધ થાય તેની રાહ જોવાના બદલે સમયોચિત તેમનું માન-સન્માન થવું જોઈએ.આપણે ત્યાં કહેવત છે,ઉતાવળે આંબા ન પાકે અને રાતોરાત કેરી ન આવે.પણ ક્યારેક કોઈ કારણોસર સન્માન-એવોર્ડમાં આવું બને છે. ઉચિત વ્યક્તિ વંચિત રહી જાય અને અન્ય વ્યકિત કળા કરી જાય.જેનાથી એવોર્ડનું ગૌરવ ને ગરિમા ઘટે છે, સમાજમાં ભારે અનર્થ સર્જાય છે.અને સન્માનપાત્ર કલા-સર્જકની ખરા અર્થમાં કોઈ જ્ઞાતિ-જાતિ હોતી નથી. કલા-સર્જન એ જ એનાં કુળ ને મૂળ ગણાવા જોઈએ. તેમાં આ અંગેની સમિતિઓની ભાગ-બટાઈ કે ભેદ રીતિથી પર હોવી થવી જોઈએ.

દરેક સન્માન આપનાર અને સન્માન પામનાર બંનેનું એક આગવું, અનેરું મૂલ્ય હોય છે.તેથી કયારેક એવોર્ડ થકી વ્યક્તિ ઉજળી થતી હોય છે ને કયારેક વ્યક્તિ થકી એવોર્ડ ઉજળો લાગતો હોય છે.

આપણે ત્યાં કલા-સર્જક-વ્યક્તિ માત્ર જીવતો નહીં પણ જીવંત હોય ત્યારે આવા માન-અકરામ...કે પ્રશંસાના બે પુષ્પો પ્રાપ્ત થવા જોઈએ. જેનાથી કલા-કલાકાર સાથે એક આખો માણસ પણ ઉજળો થાશે.

છેલ્લે : જીવનમાં સામાન અને સન્માન ખોવાઈ ગયા પછી પાછા મેળવવા બહુ મુશ્કેલ હોય છે !


http://raghavjimadhad.blogspot.com
mo.94270 50995

# કલા અને કલમનો મહાકુંભ : ગુજરાત દીપોત્સવી અંક : ૨૦૨૦

દિવાળી નજીક આવી રહી છે ત્યારે આ સમયે ચારેતરફ અખબારો અને સામયિકો પોતાના દિવાળી અંકો પ્રગટ કરવાની તૈયારીમાં હશે. ગુજરાતમાં દિવાળી અંકોની હંમેશાં બોલબાલા રહી છે. આજે પણ અનેક લોકો સામયિકોના, અખબારોના દિવાળી અંકો ખરીદીને ઘરમાં રાખતા હોય છે. દિવાળી અંકની એક વિશેષતા એ પણ છે કે એમાં સાહિત્યની સાથે જાહેરાતો પણ હોય છે. તેથી અખબારો અને સામયિકોને માટે આ અંક ખૂબ મહત્વનો બને છે કે જેમાં બધા વેપારીઓ, ઉધોગપતિઓ, અધિકારીઓ કે રાજકીય પક્ષો, નેતાઓ વગેરે એમને જાહેરાતો આપતા હોય છે. જેમાંથી વર્ષનો મોટાભાગનો ખર્ચ નીકળી જતો હોય છે.

ગુજરાતમાં ઘણા સામયિકો અને અખબારો આજે પણ આકર્ષક અને સાહિત્યસભર દીપોત્સવી અંક પ્રગટ કરવાની પરંપરા નિભાવે છે. જો કે આમાં દર વર્ષે ગુજરાતી ભાષાનો કદાચ સૌથી મોટો ને દળદાર દીપોત્સવી અંક સૌથી પહેલા પ્રગટ કરવાનો યશ ‘‘ગુજરાત દીપોત્સવી’’ને મળે છે. ‘‘ગુજરાત’’ પાક્ષિક સરકારી સામયિક હોવા છતાંય એના સંપાદકશ્રી પુલક ત્રિવેદી દર વર્ષે જુન મહિનાથી આ અંકની તૈયારીઓ શરુ કરી દે છે. એક જ દીપોત્સવી અંકમાં એક સાથે આટલા બધા વરિષ્ઠ સાહિત્યકારો, વિવેચકો, કલાકારો, ફોટોગ્રાફરો અને નોંધપાત્ર પ્રદાન કરતા નવોદિતોને નિમંત્રણ પત્રો મોકલીને એમની જુદા જુદા સાહિત્ય સ્વરૂપોની કૃતિઓ અને તસવીરો નિયત સમયમાં મેળવવી એ કેટલું કઠિન કાર્ય છે એ સૌ સંપાદક અને સર્જકો જાણે જ છે. કેમ કે દરેક સર્જકો પોતપોતાની જુદી જુદી દુનિયામાં અતિ વ્યસ્ત હોય છે. આ બધાની વચ્ચે કુલ ૧૬૧ સર્જકોની રચનાઓની ઉઘરાણી કરવી... એ સંબંધોની કસોટી કરવા જેવું કામ છે. છતાંય આ મહાકાર્ય સમયસર પૂર્ણ થાય છે.

‘ગુજરાત’ના વર્ષ— ૨૦૨૦ના આ દીપોત્સવી અંકમાં ૩૨ અભ્યાસલેખો, ૩૫ ટૂંકીવાર્તાઓ, ૧૯ હાસ્યલેખો, ૮ એકાંકીઓ, ૧૧૦ કવિતાઓ અને ૫૭ ફોટોગ્રાફ્સ અને ચિત્રો સમાવેલા છે. એટલે કે એક જ અંકમાં છ સ્વરૂપોના છ પુસ્તકોને સમાવાયા છે. ખરેખર તો ‘‘ ગુજરાત દીપોત્સવી અંકની કવિતાઓ, નવલિકાઓ, નાટકો ઉપર સ્વતંત્ર વિષય સાથે સંશોધનો ( પીએચ.ડી) કરી શકાય એમ છે. એમાં એટલું માતબર સાહિત્ય સંગ્રહિત થયેલું છે. અથવા ‘‘ ગુજરાત દીપોત્સવી અંકની શ્રેષ્ઠ કવિતાઓ, શ્રેષ્ઠ વાર્તાઓ કે શ્રેષ્ઠ એકાંકીઓ... જેવા સંપાદનો પણ થવા જોઈએ જેથી આ બધા અંકોનું સાહિત્ય કોલેજો અને




યુનિવર્સિટીઓ સુધી પહોંચે. અને અભ્યાસૂઓને ખ્યાલ આવે કે સરકારમાં રહીને પણ ઉત્તમ સાહિત્યના સંપાદનો થઈ શકે છે. જેવી રીતે સાહિત્ય અકાદમીના મૂખપત્ર ‘‘ શબ્દસૃષ્ટિ ‘‘ ના દીપોત્સવી અંકો તથા વિશેષાંકો સાહિત્યમાં વિશેષ સ્થાન ધરાવે છે તેવી રીતે ‘‘ ગુજરાત દીપોત્સવી ‘‘ ના સાહિત્યના પણ સંપાદનો થવા જોઈએ. કેમ કે મોટેભાગે દીપોત્સવી અંકોમાં ગમે તેટલું ઉત્તમ સાહિત્ય સમાવાયું હોય પણ સમય જતા એને લોકો પસ્તીમાં નાખી દેતા હોય છે. જો એ ગ્રંથ સ્વરૂપે હોય તો ઘરના કબાટમાં અને કોલેજો તથા યુનિવર્સિટીઓના ગ્રંથાલયોમાં વર્ષો સુધી એ સચવાય છે.

ગુજરાત દીપોત્સવી અંક અગાઉ બે ભાગમાં પ્રગટ થતો હતો... પણ છેલ્લા કેટલાક વર્ષોથી બન્ને ભાગને એક કરીને દળદાર અંક પ્રગટ કરવામાં આવે છે. આ વખતે આ ૪૮૮ પૃષ્ઠોના વિશાળ શબ્દસાગરમાં અનેક સર્જકોની સંવેદનાઓનો મહાકુંભ અનુભવી શકાય છે. અહીયા પહેલો ‘‘અભ્યાસલેખ’’ નો વિભાગ છે જેમાં ગુણવંત શાહ, વિષ્ણુ પંડ્યા, ડૉ. બળવંત જાની, નરોત્તમ પલાણ, હસુ યાજ્ઞિકથી લઈને જય વસાવડા અને પુલક ત્રિવેદી સુધીના કુલ ૩૨ અભ્યાસ લેખો સમાવાયા છે. જેમાં ભારતીય સંસ્કૃતિ, રાજનીતિ, લોકસંસ્કૃતિ, આદિવાસી, પ્રકૃતિ, વસતી નિયંત્રણ, રાજાશાહી, પુરાકથાઓ, સામાજિક એકતા, ધર્મદર્શન, શિક્ષણ, રંગભૂમિ, લોકગીતો, સાહિત્ય, જેવા અનેક વિષયોનુંવૈવિધ્ય પણ જોવા મળે છે. તો વળી ટૂંકીવાર્તા વિભાગમાં મોહમ્મદ માંકડ, વર્ષા અડાલજા, કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, નીલમ દોશી, પ્રવીણ ગઢવીથી લઈને પરીક્ષિત જોશી અને સંજય થોરાત સુધીના ૩૫ જેટલા વાર્તાકારોની વાર્તાઓને સમાવી છે. અહીંની દરેક વાર્તાઓ પોતાની અલગ ઓળખ લઈને આવે છે. કોઈ પરંપરિત શૈલીમાં રચાયેલી છે તો કોઈ પ્રયોગ લઈને આવે છે તો વળી અધિકારપત્ર જેવી વાર્તા ઈતિહાસની કથા પ્રયોજીને વૈવિધ્ય દાખવે છે. ‘‘વિનોદિકા’’ વિભાગમાં કુલ ૧૯ જેટલા હાસ્યલેખો છે. જેમાં રતિલાલ બોરીસાગર, લોકડાઉનના લેખાજોખા આલેખે છે, તો હરિકૃષ્ણ પાઠક વાણીના વ્યવહાર અને તેની હરકતોની વાતને હળવી રીતે મૂકે છે. હર્ષદ પંડ્યા સ્કૂલ એડમિશનની રામાયણ લઈને આવે છે તો વળી નલિની ગણાત્રા કહે છે કે કોરોનાને પાંચમો મહિનો જાય છે. અને જગદીશ ત્રિવેદી કોરોનાની આત્મકથા આલેખે છે.



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ નાટક, એકાંકીઓ બહુ ઓછા લખાય છે એવી કાયમ ફરિયાદ રહી છે. આમ છતાંય ગુજરાતના દીપોત્સવી અંકોમાં દર વર્ષે થોડા નવા એકાંકીઓ હોય જ છે. આ વર્ષે આઠ એકાંકીઓ છે. જેમાં પ્રકાશ લાલા. રવીન્દ્ર પારેખ, શૈલેશ ટેવાણી જેવા પ્રસિદ્ધ નાટ્યકારોની કૃતિઓ પણ માણવા મળે છે. આ આખા અંકમાં સૌથી વિસ્તૃત ‘‘કાવ્યવિભાગ’’ છે. જેમાં ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત કવિ શ્રી રઘુવીર ચૌધરી, ચન્દ્રકાંત શેઠ, રાજેન્દ્ર શુકલ, માધવ રામાનુજ, વિનોદ જોશી, દલપત પઢિયાર, કૃષ્ણ દવેથી લઈને ફુલછાબના તંત્રીશ્રી કૌશિક મહેતા સુધીના કુલ ૧૧૦ કવિઓની કાવ્ય રચનાઓને પ્રગટ કરવામાં આવી છે. આ કવિતાઓમાં ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિઓથી લઈને અનેક નવોદિત કવિઓને પણ સમાવાયા છે. વળી અહીં સમગ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી કવિતાઓ અને કવિઓ છે. અત્યારે જે છપાય છે, વંચાય છે એવા મોટાભાગના બધા જ કવિઓની કલમનો અહી મેળો ભરાયો છે.

આ અંકનું સૌથી વિશેષ આકર્ષણ હોય તો તે છે એના ફોટા અને ચિત્રો, જેમાં છબિકલા અને રંગરેખા દ્વારા માનવ સ્વભાવના વિવિધ ભાવોને કલાનું રૂપ આપીને અહી રજુ કરવામાં આવ્યા છે. અહીના ચિત્રો ૧૭મી સદીની ચિત્રકલાના, ગ્રામકલાના, પૌરાણિક, પ્રાકૃતિકથી લઈને સમગ્ર બ્રહ્માંડ સુધીના ચિત્રો દ્વારા ચિત્રકારોની સંવેદનાઓ પ્રગટ થઈ છે. તો વળી ફોટોગ્રાફીમાં શિલ્પદર્શન, સંભવામી યુગે યુગે, દરિયા કિનારો, આદિવાસી નૃત્ય, પાળિયા, સ્થાપત્ય, ઉત્સવ, બંસરીવાદન, પ્રકૃતિ, મેળો, કર્ણાવતી શહેર જેવા અનેક ક્લાસિક અને કાવ્યાત્મક ફોટોગ્રાફ્સ આ અંકની શોભા અને સંવેદના વધારે છે. જેમાં દૂર્ગેશ ઉપાધ્યાય, ભાટી.એન. શૈલેશ રાવલ, રેખા ચૌહાણ, હેતલ દવે, નટુભાઈ મિસ્ત્રી, ફાલ્ગુની પારેખ તથા અન્ય કલાકારોએ પોતાની સંવેદનાને, કલાને શબ્દ વિના શણગારીને પ્રસ્તુત કરી છે.

ગુજરાત દીપોત્સવી અંક — ૨૦૨૦ના સંપાદક શ્રી પુલક ત્રિવેદીની સાહિત્યિક સૂઝ અને કામ પ્રત્યેની નિષ્ઠા તથા ગુજરાતભરના સર્જકો સાથેનો આત્મીય ઘરોબો આ અંકની સફળતાનો પાયો છે. વળી નામી સાથે નવોદિતોની કૃતિઓને પણ સમાવવાની અને છતાંય સાહિત્યિક ગુણવત્તા યથાવત રહે એનું પણ ધ્યાન રાખ્યાનું પરિણામ અહીં જોવા મળે છે. ઉપસંપાદક તરીકે જગદીશ આચાર્ય, સહ સંપાદકોમાં ઉર્વી રાવલ, શીરિન સૈયદ અને બેલા મહેતાએ આ અંકના પ્રકાશનમાં ભારે જહેમત ઉઠાવી છે. માહિતીખાતા દ્વારા આમ તો દર વર્ષે અનેક ઉત્તમ પ્રકાશનો પ્રગટ થાય છે જેમાં કલા અને સંસ્કૃતિના સૌન્દર્યને, સાહિત્યની સંવેદનાને પ્રગટ કરાય છે. પરંતુ આ બધામાં ગુજરાતનો દીપોત્સવી અંક સમગ્ર સાહિત્ય જગતમાં ખૂબ જ નોંધપાત્ર અને અનેરું સ્થાન ધરાવે છે.

- 9426060601.india@gmail.com

# સેલિબ્રિટિઝથી કમ નથી આ ન્યૂઝ એંકર્સ!

‘‘દૂરદર્શન કા યહ દિલ્હી કેન્દ્ર હૈ, અબ આપ શમ્મી નારંગ સે હિન્દી મે સમાચાર સુનીયે’ કે પછી ‘ધીસ ઈઝ દૂરદર્શન ન્યૂઝ એન્ડ આઈ એમ નિધિ રવિદ્રન’ બોલતા ન્યૂઝ એંકરોનો એક જમાનો હતો એમ કહેવા કરતાં એમ વધુ કહી શકાય કે ‘અબ આપ શમ્મી નારંગ સે સમાચાર સુનીએ’ ની જેમ ખરેખર સમાચાર સાંભળવાનો જમાનો હતો પછી ભલે ને સમાચાર ટીવીના પરદે રજૂ થઈ રહ્યા હોય...પણ હવે.... ટીવીના પરદે ન્યૂઝ ઓછા અને ડ્રામા વધુ દેખાતા થઈ ગયા છે. દૂરદર્શનના જમાનામાં શાંતિથી સમાચાર રજૂ કરતાં વેદ પ્રકાશ, શોભના જગદીશ કે રીની સિમોન ની ક્લિપ જો આજની પેઢીને બતાવીએ તો એ લોકો તો હસી હસી ને બેવડ વળી જાય કે ‘કાઈ આમ થોડા ન્યૂઝ પ્રેઝન્ટ કરાય ?’... જો કે એમાં એ પણ સાચા જ છે કેમકે આજના ન્યઝ એંકર્સને શાંતિથી ન્યૂઝ પ્રેઝન્ટ કરવાનું કહીએ તો કહેશે કે પબ્લિકને બૂમ-બરાડા જ જોવા ગમે છે અથવા એમ કહેશે કે આજકાલ તો ન્યૂઝ આમ જ પ્રેઝન્ટ કરાય..!!!

ન્યૂઝ અને ન્યઝ એંકર્સ આજે એટલા માટે યાદ આવ્યા કે છેલ્લા થોડા સમયથી ન્યૂઝ ચેનલની ગળાકાપ સ્પર્ધામાં નંબર વન બનેલી રિપબ્લિકના



હેડ અર્નબ ગોસ્વામી હાલમાં જેલમાં છે. શુશાંત, કંગના, પાલઘર અને નિકિતા જેવા કેસમાં સરકારો, સંસ્થાઓ અને પોલીસને ચેલેન્જ આપવા માટે પંકાયેલા અર્નબની એક જૂના કેસને ખોલીને ધરપકડ કરવામાં આવી છે. ખેર, ધરપકડ વ્યાજબી છે કે નહીં એની વાત કરવા કરતાં આજે આપણે નાના પરદાના પ્રખ્યાત કે કુખ્યાત ન્યૂઝ એંકર્સ પર ફોકસ લાઈટ ફેંકવાના છીએ. ઓબવિયસલી શરૂઆત લાઈમલાઈટમાં રહેલ અર્નબથી જ કરીએ. સેના અધિકારીના દીકરા એવા અર્નબ ગોસ્વામી હિન્દુ યુનિવર્સિટી અને ઓક્સફોર્ડમાં ભણેલો છે. ‘ ‘ધ ટેલિગ્રાફ’ થી પોતાની જર્નાલીઝમ કેરિયર શરૂ કરનાર અર્નબ ૧૯૯૮માં એનડીટીવીમાં આવ્યા પછીથી બહુ જલ્દીથી ‘ન્યૂઝ અવર’ નામે સૌથી લાંબો સમય ચાલનારા (૧૯૯૮-૨૦૦૩) ન્યૂઝ વિશ્લેષણના કાર્યકર્મ થકી દર્શકોમાં લોકપ્રિય થઈ ગયો. એનડીટીવી છોડીને ૨૦૦૬માં ટાઈમ્સ નાઉમાં ગયેલો અર્નબ ‘ન્યૂઝ અવર’ નામના પ્રખ્યાત શોમાં ‘નેશન વૉન્ટ્સ ટુ ક્નો’ જેવા બેબાક એંકરિંગથી ખૂબ પ્રખ્યાત બન્યો અને ટાઈમ્સ નાઉ નંબર વન, પણ એને સતત લાગતું કે અહી એ માત્ર કર્મચારી બનીને રહી જશે અને સ્વતંત્રતા નહીં મળે. અર્ણબે ૨૦૧૬માં ટાઈમ્સ નાઉ છોડયું ત્યારે પણ સ્પષ્ટ કરેલું કે આવનારો જમાનો સ્વતંત્ર ન્યૂઝ ચેનલનો છે અને ૨૦૧૬ માં જ એણે રિપબ્લિક નેટવર્કની સ્થાપના કરી. બૂમ બરાડા પાડવા માટે પ્રખ્યાત અને શો માં પોતાની મરઝી મુજબ જ ગેસ્ટને બોલવાનો મોકો આપવા માટે કુખ્યાત અર્નબ વડાપ્રધાન બન્યા પછી મોદીનો ઈન્ટરવ્યુ લેનાર પહેલો પત્રકાર હતો, ભાજપ તરફી વલણ માટે જાણીતા અર્નબની એંકરિંગ સ્ટાઈલના લાખો પ્રશંશકો છે એમાં કોઈ બેમત નથી.

અર્નબથી બિલકુલ સામા છેડાનું વ્યક્તિત્વ છે રવીશકુમાર. ખાલી વ્યક્તિત્વ જ શુકામ પણ એ જે ચેનલમાં કામ કરે છે એ એનડીટીવી ની પોલિસી પણ રિપબ્લિકથી વિરુધ્ધ છે, છ્તાં પણ જેમ અર્નબ રિપબ્લિકનો ફેસ છે એમ રવીશ એનડીટીવી નો. બૂમબરાડા પાડ્યા વગર પણ અને ધારદાર શબ્દોથી કોઈ ન્યૂઝ કે વિવાદિત સમાચારોને પણ કેવી રીતે રજૂ કરી શકાય એના માટે રવીશ પ્રખ્યાત છે. ‘રેમોન મેગ્સેસે એવોર્ડ’ થી સન્માનીત આ પત્રકારના અંગત વિચારોથી તમે કદાચ અસહમત હોય શકો પણ એ વિચારો—સમાચારો રજૂ કરવાની એની સ્ટાઈલનો કોઈ જવાબ નથી એ ચોક્કસ છે. ‘ખબરો કી ખબર’. આ લખનાર નો ફેવરિટ પ્રોગ્રામ ‘રવીશ કી રિપોર્ટ’, ‘હમ લૉગ’ જેવા ન્યૂઝ એનાલિસિસ પ્રોગ્રામોમાં રજૂ થતું વિશ્લેષણ, આંકડાઓ, શક્યતાઓ અને તારણો માણવા અને જાણવા જેવા હોય છે, જો કે અર્નબની જેમ જ રવીશ પણ વિવાદિત પત્રકાર રહ્યા છે અને સરકાર વિરોધી ચેનલમાં કામ કરતાં હોવાથી રવીશ પર એક આંખે પરિસ્થિતિઓને જોવાના આરોપો અનેકોવાર લાગી ચૂક્યા છે. આવા જ આરોપો તો અનેકવાર દેશના વરિષ્ઠ પત્રકાર અને ઈન્ડિયા ટીવીના હેડ રજત શર્મા પર પણ લાગી ચૂક્યા છે. ૧૯૯૩માં શરૂ થયેલા અને હજુ પણ એટલો જ લોકપ્રિય ‘આપ કી અદાલત’ પ્રોગ્રામ દ્વારા ન્યૂઝ ટીવીને લોકપ્રિય બનાવનારા રજતજી બેહદ ગરીબ પરિવાર અને રેલ્વે સ્ટેશનના લેમ્પ પોસ્ટ નીચે બેસીને ભણીને આગળ આવેલ છે. શ્રીરામ કોલેજમાં એમના સિનિયર અરુણ જેટલી રજતની ભાષણકળાથી પ્રભાવિત થયા અને કોલેજ પોલિટિક્સમાં લઈ આવ્યા. આનંદબઝાર પત્રિકા અને ઓનલુંકર મેગેઝિનમાં કામ કરતાં એમણે ચંદ્રાસ્વામીનું સ્ટિંગ અને ઈન્દિરાના હત્યારાના એક્સ્કલુઝિવ ઈન્ટરવ્યુ કર્યા. ૧૯૯૨માં ઝી ટીવીના હેડ સુભાષચંદ્રાની મુલાકાત લેતી વખતે એમને ‘ ‘આપ કી અદાલત’ નો આઈડિયા આવ્યો. ૧૯૯૫માં ઝી પર જ દેશનું પહેલું ન્યૂઝ બુલેટિન શરૂ થયું. ૨૦૦૪માં ઝી છોડીને રજત શર્માએ ઈન્ડિયા ટીવી શરૂ કર્યું અને આજે દેશની ટોચની ન્યૂઝ ચેનલમાં એનું નામ છે તો એની સંપૂર્ણ ક્રેડિટ રજતજીના એંકરિંગને જાય છે.



રજળપાટ
અજય ઉપાધ્યાય

આ સિવાય ઝી ન્યૂઝ પર જ રાત્રે આવતા પ્રોગ્રામ ‘ડીએનએ’ થી ઘરઘરમાં જાણીતો સુધીર ચૌધરી પણ પ્રોગ્રામની અનોખી રજૂઆત માટે જાણીતો છે. દૂરદર્શન ન્યૂઝથી કેરિયર શરૂ કરનાર અને આજતક, સ્ટાર ન્યૂઝમાં કામ કરી ચૂકેલા અને હવે ન્યૂઝ નેશન ચેનલમાં કાર્યરત દિપક ચોરસિયાને તો કેમ ભૂલાય ? આજતક પર જ દંગલ’ થી જાણીતા રોહિત સરદાના ‘પદમાવત’ વખતના ખોટી ટિપ્પણીના વિવાદને બાદ કરતાં જાણીતા એક્કર અને તલસ્પર્શી વિશ્લેષક છે. પુરુષ એંકર્સની આ જાહોજલાલીમાં મેહિલા એંકર્સ પણ પાછળ નથી જ. ‘હલ્લા બોલ’ થી ફેમસ આજ તકની વરિષ્ઠ સંપાદક અંજના ઓમ કશ્યપ આમાં ટોચ પર છે અને એવી જ ફેમસ એન્કર છે આજ તકની જ શ્વેતા સિંહ. ફિલ્મ નિર્દેશકને બદલે પત્રકાર બની ગયેલી શ્વેતા સિંહના ગ્રાઉંડ રિપોર્ટ્સ અને એ રિપોર્ટ્સનું એંકરિંગ જોવાલાયક હોય છે.જો કે ફીલ્મોના લગાવને લીધે શ્વેતા ઘણી ફિલ્મોમાં અને બિગ બોસમાં એઝ એ પત્રકાર દેખાઈ ચૂકી છે. ‘માસ્ટર સ્ટ્રોક’ પ્રોગ્રામથી જાણીતી એબીપી ન્યૂઝની રૂબીકા લિયાકતને તમે અર્ણબનો લેડી અવતાર કહી શકો પણ ન્યૂઝ એંકરિંગ વખતે કોઈપણ ચમરબંધીને નહીં છોડવાની એની તાકાત દરેક ન્યૂઝ એનાલિસિસ પ્રોગ્રામમાં દેખાઈ આવે છે. અનેક પ્રખ્યાત લોકોના ઈન્ટરવ્યુ લઈ ચૂકેલી રૂબીકા પણ બેબાક એંકરિંગ માટે પ્રખ્યાત છે એટલું જ નહીં પણ પોતાની મુક્ત છબીને લીધે ઈસ્લામિક કટ્ટરપંથીઓની ધમકીઓ અને ટીકાઓ પણ ભોગવી ચૂકી છે. ‘તીન તલાક’ કાયદો દૂર કરવા વખતની ઘટનાનું એનું રિપોર્ટિંગ જોવાલાયક હતું. દિલ્હીના બાટલા હાઉસ એનકાઉન્ટરમાં સામેલ ડીસીપી સંજીવ યાદવની પત્ની શોભના યાદવ એબીપી ન્યૂઝની એન્કર છે. જ્યારે બાટલા હાઉસમાં સંજીવ એનકાઉન્ટર કરતાં હતા ત્યારે શોભના એનું રિપોર્ટિંગ કરી રહી હતી, આ તો થઈ અત્યારે હિટ કુછ મુખ્ય ન્યૂઝ એંકર્સની વાત બાકી પુણ્ય પ્રસૂન બાજપાઈ, બરખા દત્ત, રાજદીપ સરદેસાઈ, રાહુલ કંવલ, વિષ્ણુ સોમ, કિશોર અજવાની, નિધિ રાઝદાન જેવા અનેકો જૂના — નવા જોગીઓ માટે તો એક બીજો આર્ટીકલ લખવો પડે. ન્યૂઝ ચેનલ ચલાવવા જાહેરાતોની જરૂર હોય છે અને જગતભરની ન્યૂઝ ચેનલનો ટ્રેન્ડ રહ્યો છે કે પોતાના આર્થિક ફાયદાઓને નજરમાં રાખીને તે કોઈને કોઈ પાર્ટી, વ્યક્તિ કે સિસ્ટમને ફોલો કરતી હોય છે એટ્લે ન્યૂઝ ચેનલના પોતાના માપદંડ હોય શકે પણ ન્યૂઝ રજુ કરવા, એંકરિંગ કરવું અને આગળ લખ્યું એમ દૂરદર્શનના શુષ્ક ન્યૂઝરૂમથી બઘડાટી, દેકારો કરતાં કે ગ્રાઉંડ પરથી તથ્યો — મુલાકાતો સાથે રિપોર્ટિંગ કરતાં એંકરો વગર આજકાલની ન્યૂઝ ચેનલોની કલ્પના જ થઈ શકે એમ નથી.